12140


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer


૭ ડિસેમ્બર, ૨૦૧૯

**શ્રી નીતિનભાઈ પટેલ**
*માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય: વેરા સમાધાન યોજના-૨૦૧૯માં જરૂરી સુધારા કરવા બદલ આભાર.**

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી,**

GCCI તરફથી અભિવાદન પાઠવું છું.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજૂઆતને માન આપી આપશ્રીએ અમારા લગભગ બધાંજ સૂચનોને ધ્યાનમાં લઈ વેરા સમાધાન યોજના ૨૦૧૯ માં સુધારા જાહેર કર્યા છે તે બદલ અમે આપનો ગુજરાતના વેપાર જગત વતી આભાર માનીએ છીએ.

કરવેરા સમાધાન યોજના-૨૦૧૯ને વધુ ઉપયોગી બનાવવા માટે અમે તા. ૨૪-૧૦-૨૦૧૯ના પત્ર દ્વારા આપશ્રીને આ સૂચનો ધ્યાને લેવા સારુ મોકલાવ્યા હતા અને તેના ટૂંક સમયમાં આ સુધારાની જાહેરાત આપશ્રી દ્વારા કરવામાં આવી છે જે આવકાર્ય છે. આપશ્રી દ્વારા લેવામાં આવેલ આ સકારાત્મક પગલાંથી આ કરવેરા સમાધાન યોજના ૨૦૧૯ કરદાતાઓ માટે ઘણી ઉપયોગી અને આકર્ષક બની છે. અમને ખાતરી છે કે આ સુધારાઓને કારણે આ યોજનાને ખુબજ સારો પ્રતિસાદ મળી રહેશે. ગુજરાત ચેમ્બર વતી અમે આ યોજનાને વેપાર-ઉદ્યોગ વર્ગમાં બહોળી પ્રસિદ્ધિ આપવાનો પૂરેપૂરો પ્રયત્ન કરીશું તેવી ખાતરી આપીએ છીએ.

ફરી એક વાર અમારી રજૂઆતને ધ્યાને લઈ સકારાત્મક નિર્ણય લેવા બદલ આપશ્રીનો આભાર માનીએ છીએ.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*

Gujarat Chamber of Commerce & Industry
ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

12140

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

૭ ડિસેમ્બર, ૨૦૧૯

**શ્રી જે. પી. ગુપ્તા, IAS**
ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષીસ ગુજરાત
વાણિજ્યક વેરા ભવન, આશ્રમરોડ
અમદાવાદ-૩૮૦૦૦૯.

**વિષય: વેરા સમાધાન યોજના-૨૦૧૯માં જરૂરી સુધારા કરવા બદલ આભાર.**

**માનનીયશ્રી,**

GCCI તરફથી અભિવાદન પાઠવું છું.

હાલમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા વેરા સમાધાન યોજના ૨૦૧૯ માં સુધારા જાહેર કરવામાં આવ્યા છે તે બદલ અમે આપનો ગુજરાતના વેપાર જગત વતી આભાર માનીએ છીએ.

આપશ્રીએ તા. ૧-૧૦-૧૯ના રોજ અમારી સાથે સંલગ્ન વિવિધ પ્રોફેશનલ સંસ્થાઓ સાથે પરિસંવાદનું આયોજન કરી તેમાં આ વેરા સમાધાન યોજના-૨૦૧૯ને કરદાતાઓ માટે વધુ ઉપયોગી બનાવવા માટેના સૂચનોની વિસ્તૃત ચર્ચા કરી હતી અને ખુબજ સકારાત્મક વલણ દાખવ્યું હતું તે બદલ અમે આપશ્રીનો આભાર માનીએ છીએ. આપશ્રી દ્વારા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને પણ સકારાત્મક નિર્ણય લેવા માટેની ભલામણ કરવામાં આવી જેના ફળસ્વરૂપ અમારી રજૂઆતના ટૂંક સમયમાં જ યોગ્ય વેપારલક્ષી સુધારાઓ જાહેર કરવામાં આવ્યા તે આવકાર્ય છે. આ સકારાત્મક પગલાંથી આ કરવેરા સમાધાન યોજના ૨૦૧૯ કરદાતાઓ માટે ઘણી ઉપયોગી અને આકર્ષક બની છે. અમને ખાતરી છે કે આ સુધારાઓને કારણે આ યોજનાને ખુબજ સારો પ્રતિસાદ મળી રહેશે. ગુજરાત ચેમ્બર વતી અમે આ યોજનાને વેપાર-ઉદ્યોગ વર્ગમાં બહોળી પ્રસિદ્ધિ આપવાનો પૂરેપૂરો પ્રયત્ન કરીશું તેવી ખાતરી આપીએ છીએ.

ફરી એક વાર અમારી રજૂઆતને ધ્યાને લેવા અને આપના સકારાત્મક અભિગમ બદલ આપનો આભાર માનીએ છીએ.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
પ્રમુખ

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org